ફો.કે.નં.૮૮૧/૨૦૨૩.

## :: આંક–૧ નીચે હુકમ ::

આરોપીઓ સામે ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સબધેની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી નં.૧એ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આપેલ છે. જેથી આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવેલ છે. જેમા પણ આરોપી નં.૧ એ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપી નં.૧ ને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલ નથી તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી નં.૧ તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતા તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના ઉપરોકત શિક્ષાને પાત્ર ગુન્હા માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. વધુમાં આરોપી તરફે તેમને સુધરવાની તક આપવાની માંગણી કરેલ છે. અને ગુન્હો કર્યાનો અફસોસ છે તેમજ તેમની ઉપર કુટુંબની જવાબદારી છે. અને પ્રથમ ગુન્હો હોવાનું અને ગરીબ માણસ હોવાનું જણાવી દયા કરવા અરજ કરેલ છે. આ હકીકત ધ્યાને લેતા કેસના સંજોગો ધ્યાને લેતા અને આરોપીની રજુઆત તથા સંજોગો તથા ન્યાયનું હીત ધ્યાને લેતા અને આરોપીને એકવાર સુધરવાની તક આપવાના હેતુથી કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા માટેના પુરતા અને વ્યાજબી અને વિશીષ્ટ કારણો જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. પેઈજ નં. ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલા સિધ્ધાંતો મુજબ પણ આરોપીને ઠરાવેલ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય છે તેવુ પ્રસ્થાપીત કરાયેલ છે જે ધ્યાને લઈ આરોપીની રજુઆત જોતા તથા આક્ષેપયુકત ગુન્હામાં રજુ ચાર્જ–સીટમા લગાડાયેલ એકટની કલમ તથા વર્ણવાયેલ પ્રકાર અને રજુ મુદામાલ ધ્યાને લઈને ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

### : હુકમ :

આ કામના આરોપી નં.૧ જેનીષ સુરેશચંદ્ર પટેલને ક્રિ.પો.કોડ કલમ–૨૫૨ અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૮૫ ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦–૦૦ (અંકે રુપિયા પાંચસો પુરા) નો દંડ કરાવમા આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–૭ (સાત) ની સાદી કેદની સજા કરવામા આવે છે.

આરોપી નં. ૨ રાજુ ઠાકોર પટેલ સામે કેસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ : ૨૦/૦૪/૨૦૨૩
સ્થળ : ઓલપાડ

**(પ્રમોદ ચીમનભાઈ રોહિત)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
ઓલપાડ જી.સુરત (જી.જે.૦૧૨૮૪)

નાઝર નો રીપોર્ટ કે દંડ રસીદ નં.૩૮ થી રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો) પુરા જમા લીધા.
તા.૨૦/૦૪/૨૦૨૩. નાઝર.